પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૭૪ | ૨૪ મે, ૨૦૨૩, બુધવાર; જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થુ વધાર્યું

**રાજ્ય સરકારના કર્મચારીઓ-પેન્શનર્સને મળતા મોંઘવારી ભથ્થામાં તા ૦૧-૦૭-૨૦૨૨થી ચાર ટકા અને તા. ૦૧-૦૧-૨૦૨૩થી ચાર ટકાનો વધારો આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો કર્મચારી હિતલક્ષી નિર્ણય : સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ-પેન્શનર્સ મળી ૯.૩૮ લાખ લોકોને મળશે આ લાભ : તા ૧-૭-૨૦૨૨થી મળવાપાત્ર થતા મોંઘવારી ભથ્થાના તથા તા. ૧-૧-૨૦૨૩થી મળવાપાત્ર થતા હપ્તાના તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચૂકવાશે**

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા આજે કર્મચારી સંગઠ્નો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો પછી મોંઘવારી ભથ્થામાં ૮ ટકાનો વધારો કરવાનો નિર્ણય કરતાં કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

મોંઘવારી ભથ્થાના બે હપ્તાઓ જાહેર થયા પછી ગુજરાતમાં તે અપાયા ન હતા અને છેલ્લા એક મહિનાથી કર્મચારી સંગઠ્નો દ્વારા આ અંગે રજૂઆતોનો મારો ચાલ્યો હતો. બે હપ્તા એક સાથે છુટા કરતાં કર્મચારીઓને પગારમાં સારો એવો ફાયદો જરૂર થશે. જો કે એરિયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવાનો નિર્ણય સરકારે કર્યો છે.

મોંઘવારી ભથ્થાના એરિયર્સની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૩, બીજો હપ્તો ઓગષ્ટ-૨૩ તેમજ ૩ જો હપ્તો ઓક્ટો.-૨૩માં ચુકવવાનો નિર્ણય સરકારે કર્યો છે. કર્મચારીઓ આ એરિયર્સની રકમ કર્મચારીઓના પરિવારોની જરૂરિયાતના સમયે મળવાના હોવાથી પણ કર્મચારીઓ વધુ ખુશ થયા છે. જૂનમાં શૈક્ષણિક સત્ર, ઓગષ્ટમાં પર્વો અને ઓક્ટો.માં દિપાવલી પર્વ આ હપ્તાની રકમ ચૂકવવામાં આવશે જેથી પરિવારોને તેમની ખરીદીમાં ફાયદો થશે. એક સાથે ૮ ટકા હપ્તો ચુકવવાનો પ્રથમવાર નિર્ણય સરકારે કર્યો છે.

ગુજરાત સરકારના કર્મચારીઓના અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તા-૦૧-૦૭-૨૦૨૨ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તા.-૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ

● અનુસંધાન પાન-૭ પર

# ઓસ્ટ્રેલિયામાં પ્રધાનમંત્રી મોદી છવાયા

**ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલાથી જ ભારત માટે અનોખો પ્રેમ છેઃ મોદી : ઓસ્ટ્રેલિયામાં ભારતીય વડાપ્રધાન છવાઈ ગયા : સિડનીના ઓલિમ્પિક પાર્ક સ્થિત સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધન કર્યું, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને મોદીને બોસ કહ્યા**



સિડની, તા.૨૩

વડાપ્રધાન મોદી અત્યારે બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર આવ્યા છે. અહીં તેમણે એરિનામાં ભારતની સ્મૃતિ હોવાની વાત જણાવી હતી. એટલું જ નહીં તેમણે પોતાના સંબોધનમાં ભારતીયોને કહ્યું કે મે જે વચન આપ્યું હતું તેને પાળ્યું છે. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રિટ્સ મને ભારતની ગલીઓની યાદ આપે છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને કહ્યું કે મોદી તો બોસ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસનાં ઓસ્ટ્રેલિયા ટૂર પર છે. તેઓએ સિડનીના કુડોસ બેક્ર એરિનામાં ભારતીયોના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન ગણપતિ બપ્પા મોરિયા, ભારત માતા કી જય અને મોદી-મોદીના નારાથી જાણે આખુ ઓસ્ટ્રેલિયા ગૂંજી ઉઠ્યું હોય એવો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ પણ હાજર રહ્યા હતા. સિડનીના ઓલિમ્પિક પાર્કમાં સ્થિત આ સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધનકર્યું. આ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આની પહેલા એરક્રાફટની મદદથી વડાપ્રધાન મોદીનું સ્વાગત કરાયાં હતું. જેમાં આકાશમાં વેલકમ મોદી લખવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસનાં ઓસ્ટ્રેલિયા ટૂર પર છે. તેઓએ સિડનીના કુડોસ બેક્ર એરિનામાં ભારતીયોના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન ગણપતિ બપ્પા મોરિયા, ભારત માતા કી જય અને મોદી-મોદીના નારાથી જાણે આખુ ઓસ્ટ્રેલિયા ગૂંજી ઉઠ્યું હોય એવો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ પણ હાજર રહ્યા હતા. સિડનીના ઓલિમ્પિક પાર્કમાં સ્થિત આ સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધનકર્યું. આ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મતદાર યાદીમાં આપોઆપ તમારું નામ ઉમેરાઈ જશે અને દૂર થઈ જશે

**ગૃહ પ્રધાન અમિત શાહે કરી મોટી જાહેરાત : મૃત્યુ-જન્મ નોંધણીને મતદાર યાદી સાથે જોડવા માટે સંસદમાં બિલ લાવવામાં આવશે, આ હેઠળ, જ્યારે કોઈ વ્યક્તિ ૧૮ વર્ષની થઈ જશે, ત્યારે તેનું નામ આપોઆપ મતદાર યાદીમાં જોડાઈ જશે**

નવી દિલ્હી, તા.૨૩

સરકાર જન્મ અને મૃત્યુ સંબંધિત ડેટાને મતદાર યાદી સાથે લિંક કરવા સંસદમાં બિલ લાવવાની યોજના બનાવી રહી છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના કાર્યાલય ’જનગણના ભવન’નું ઉદ્‌ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે વસ્તી ગણતરી એવી પ્રક્રિયા છે જે વિકાસના એજન્ડાનો આધાર બની શકે છે. તેમણે કહ્યું કે, ડિજિટલ, સંપૂર્ણ અને સચોટ વસ્તી ગણતરીના ડેટાના બહુ-પરિમાણીય લાભ થશે. વસ્તી ગણતરીના ડેટા પર આધારિત આયોજન એ સુનિશ્ચિત કરે છે કે વિકાસ ગરીબમાં ગરીબ સુધી પહોંચે. શાહે એમ પણ કહ્યું હતું કે, જન્મ-મરણ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વિકાસના કામોનું યોગ્ય આયોજન કરી શકાય. અમિત શાહે કહ્યું, મૃત્યુ અને જન્મ રજીસ્ટરને મતદાર યાદી સાથે જોડવા માટે સંસદમાં બિલ રજૂ કરવામાં આવશે. આ પ્રક્રિયા હેઠળ, જ્યારે વ્યક્તિ ૧૮ વર્ષની થાય છે, ત્યારે તેનું નામ આપોઆપ મતદાર યાદીમાં સામેલ થઈ જશે. તેવી જ રીતે, જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, ત્યારે તે માહિતી આપમેળે ચૂંટણી પંચ પાસે જશે, જે મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાની પ્રક્રિયા શરૂ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રના વટહુકમ બાદ દિલ્હી સરકારનો આદેશ પલટાવાયો

**દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર-એલજીનો વિવાદ યથાવત : અધ્યાદેશ પછી વિશેષ સચિવ વાઈ. વીવીજે રાજશેખરે કાર્યાલયોને ડી-સીલ કરવાનો આદેશ**

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર અને એલજીની વચ્ચે ચાલી રહેલો વિવાદ હાલ અટકવાનું નામ લઈ રહ્યો નથી. વટહુકમ લાવવામાં આવ્યા પછી ગઈકાલે આ મામલામાં પ્રથમ આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર ૧૯ મેના રોજ એક વટહુકમ લઈને આવી હતી. આ વટહુકમે દિલ્હીના અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગના અધિકારોને ફરીથી ઉપરાજ્યપાલને આપી દીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અધ્યાદેશ પછી વિશેષ સચિવ વાઈ. વીવીજે રાજશેખરે કાર્યાલયોને ડી-સીલ કરવાનો આદેશ આપ્યો છે. સૌરભ ભારદ્વાજના આદેશથી જે અધિકારીઓને કામ આપવામાં આવ્યું હતું, તેમને સુપ્રીમ કોર્ટના આદેશ પહેલા ૧૦ મે સુધી યથાસ્થિતિ જાળવી રાખવાનું કહેવામાં આવ્યું છે. ડી-સીલિંગના આદેશ પછી તરત જ વીવી જે રાજશેખરે આ અધિકારીઓને એક આદેશ ઈસ્યુ કર્યો હતો.

## યુપીએસસી ફાઈનલમાં દિલ્હીની ઈશિતા કિશોર પ્રથમ ક્રમે, ટોપ ૧૦માં છ મહિલા

**બીજા ક્રમાંક પર બિહારની ગરિમા લોહિયા, ત્રીજા ક્રમાંક પર ઉમા હારતી એન અને ચોથા ક્રમાંક પર સ્મૃતિ મિશ્રા આવી**

નવી દિલ્હી, તા.૨૩

દેશની સૌથી અઘરી પરીક્ષા યુપીએસસીસિવિલ સર્વિસીઝ ૨૦૨૨નું ફાઈનલ રિઝલ્ટ આખરે જાહેર થઈ ચૂક્યું છે. આ પરીક્ષામાં ઈશિતા કિશોર સમગ્ર દેશમાં પહેલા ક્રમાંકે આવી છે. એટલું જ નહીં ટોપ ૧૦માં ૬ મહિલા ઉમેદવાર છે. જ્યારે બીજા ક્રમાંક પર બિહારની ગરિમા લોહિયા, ત્રીજા ક્રમાંક પર ઉમા હારતી એન અને ચોથા ક્રમાંક પર સ્મૃતિ મિશ્રા આવી છે.

યુપીએસસી ટોપર ઈશિતા કિશોર કોણ છે અને તેનું બેકગ્રાઉન્ડ શું છે એ જાણવું રસપ્રદ બની રહેશે.આજે જેવું યુપીએસસીનું પરિણામ જોયું તો પહેલું નામ વાંચવા મળ્યું ઈશિતા કિશોર. ઈશિતા દિલ્હી યુનિવર્સિટીની શ્રીરામ કૉલેજ ઑફ કૉમર્સમાંથી ઈકોનોમિક્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. તેનું નામ પહેલા ક્રમાંકે આવતાં જ તે ખુશીથી ઝૂમી ઊઠી હતી. તેણે આ સિદ્ધિથી પોતાના પરિવારનું જ નહીં આખી કૉલેજનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે.

## અભિનેતા રે સ્ટીવનસનનું ૫૮ વર્ષની વયે નિધન

વૉશિંગ્ટન, તા.૨૩

નિર્દેશક એસએસ રાજામૌલીની બ્લોકબસ્ટર ફિલ્મ આરઆરઆરમાં વિલનની ભૂમિકા ભજવનાર અભિનેતા રે સ્ટીવનસનનું નિધન થઈ ગયું છે. તેઓ ૫૮ વર્ષના હતા. ૨૫ મેના રોજ તેઓ તેમનો ૫૯મો જન્મદિવસ ઉજવવાના હતા. અહેવાલો અનુસાર રેની પીઆર એજન્સી ઈન્ડિપેન્ડન્ટ ટેલેન્ટે તેમના નિધનના અહેવાલની પુષ્ટિ કરી છે. જોકે આ અંગે કોઈ વિગતો શેર કરાઈ નથી.

રે સ્ટીવનસને વિશ્વ સ્તરે હિટ ફિલ્મ આરઆરઆરમાં વિલન સ્કોટ બક્સટનની ભૂમિકા ભજવી હતી. તેમણે પોતાની ભૂમિકા જબરદસ્ત રીતે ભજવી અને દુનિયાભરના દર્શકોના દિલ જીતી લીધા.

## મહારાષ્ટ્રમાં એસટી-કન્ટેનર ટકરતાં પાંચ જણાનાં મોત

મુંબઈ, તા.૨૩

સિંદખેડ રાજા મેહકર હાઈવે પર બસ અને કન્ટેનર વચ્ચે અથડામણ થતા અકસ્માત સર્જાયો. દુર્ઘટનામાં ૫ લોકોના ઘટના સ્થળે મોત નીપજ્યા છે. એસટી ડ્રાઈવર અને કન્ટેનર ડ્રાઈવરનું પણ મોત નીપજ્યુ છે. ઘટનામાં લગભગ ૧૪ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા છે. એસટી પૂણેથી મેહકર જઈ રહી હતી અને કન્ટેનર મેહકરથી સિંદખેડ રાજા તરફ જઈ રહ્યુ હતુ. માહિતી મળતા જ ગામના લોકોએ ઘટના સ્થળે જઈને ઈજાગ્રસ્તોની મદદ કરી. વાહનને કટર મશીનથી કાપીને બંને વાહનોના ડ્રાઈવરને બહાર કાઢ્યા.

આ બસ સંભાજીનગરથી વાશિમ તરફ જઈ રહી હતી, સવારે સવા છ વાગે ટ્રક અને બસમાં ટક્કર થઈ ગઈ. આ ઘટનામાં બસ ડ્રાઈવરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યુ.

